 **ફોજદારી અપીલ નં. ૧૭૬/૨૦૨૫**

***// આંક–૧ લગત હુકમ //***

૧. હાલની આ અપીલ એપેલેન્ટ/ મુળ આરોપી સામે આ કામના રીસ્પોન્ડન્ટ / મુળ ફરીયાદી ધ્વારા એક ફરીયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ –૧૩૮ ફોજદારી કેસ નં. ૪૩૭૮/૨૦૧૯ થી નોંધવામાં આવેલ જે નડીયાદના મે. ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની અદાલતે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી, એક વર્ષની સાદી કેદની સજા અને ક્રિ.પ્રો. કો.ક ૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ આરોપીએ ફરીયાદીને વળતર પેટે આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચુકવી આપવાનો અને આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ માસની સજાનો હુકમ તા.૦૩/૦૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલો તે હુકમથી નારાજ થઈ હાલની આ અપીલ કરેલી છે.

૨. અપીલ ચાલતા દરમયાન એપેલેન્ટ / મુળ આરોપી અને રીસ્પોન્ડન્ટ / મુળ ફરીયાદી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને આંક–૯ થી પક્ષકારોએ સમાધાન અરજી રજુ કરેલ છે અને સમાધાનમાં જણાવવામાં આવેલ છે કે, તેઓ પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય, તેમ જણાવી વિધ્વાન ટ્રાયલ અદાલતનો હુકમ સેટએ સાઈડ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૩. આજરોજ બન્ને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓ કોર્ટમાં હાજર છે અને સમાધાનની હકીકતો કબુલ રાખેલ છે.

૪. ઉપરોકત સંજોગો, વિગતો, હકીકતો ધ્યાને લેતા અપીલ ચાલતા દરમ્યાન બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૪૭ મુજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબનો ગુનો સમાધાન લાયક હોય અપીલના કામે પણ સમાધાન ગ્રાહય રાખવાની આ અદાલતને સત્તા હોય અને પક્ષકારો વચ્ચે કાયમી લોક અદાલતમાં સમાધાન થયેલ હોય લોક અદાલતનો હેતુ ધ્યાને લેતા કમ્પાઉન્ડીંગ ચાર્જ સંબંધે કોઈ હુકમ ન કરતા પક્ષકારો વચ્ચેનું સમાધાન મંજુર રાખી નડીયાદના મે. ચીફ જયુડી.મેજી.સાહેબશ્રીની અદાલતના ફોજદારી કેસ નં.૪૩૭૮/૨૦૧૯ના કામે તા.૦૩/૦૨/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ રદ્દબાતલ ઠરાવવામાં આવે છે અને એપેલેન્ટ/મુળ આરોપીને સદરહુ કેસમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. એપેલેન્ટ / મૂળ આરોપીના જામીન ખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સદર હુકમની નકલ વિધ્વાન ટ્રાયલ અદાલતને મોકલી આપવી.

આજરોજ તા. **૧૭મી** માહે **મે** સને **૨૦૨૫** ના રોજ કાયમી લોક અદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૭/૦૫/૨૦૨૫
નડીઆદ.
(કાયમી લોકઅદાલત)

**(જે. ઝેડ. મહેતા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
નડીઆદ.